## સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના દિ. ૦૭/૦૬/૨૦૧૮ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પ્રથમ પદવીદાન સમારંભ નિમિત્તે મુખ્ય મહેમાન

## શ્રી ઈશ્વરસિંહ પટેલ (મા. રા.ક. મંત્રીશ્રી) દ્વારા આશીર્વચન

---

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના સંચાલકમંડળના મા. અધ્યક્ષશ્રી તથા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી વી.પી પટેલ, યુનિવર્સિટીના કુલપતિ શ્રી, ડૉ. જતિન સોની, અત્રે ઉપસ્થિત અન્ય યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીઓ, સંચાલક મંડળના સભ્યશ્રીઓ, કુલસચિવ શ્રી, ડૉ. ડી. ડી. કાપડિયા, ડીનશ્રી તથા પ્રાધ્યાપક ગણ, આચાર્યશ્રીઓ, આમંત્રિત મહેમાનો અને માતાપિતા, અધિકારીઓ, પ્રેસ અને મીડિયાના મિત્રો તથા આજ રોજ પદવીઓ અને ચંદ્રકો પ્રાપ્ત કરનાર વહાલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ, ભાઈઓ અને બહેનો...

આજના શુભ દિને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહેવાનું મને અહોભાગ્ય પ્રાપ્ત થયું, તે મારા માટે ખૂબ જ આનંદ અને ગૌરવની બાબત છે. આજે આ પદવીદાન સમારંભમાં શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાનની વિવિધ વિદ્યાશાખાઓ અંતગર્ત સ્નાતક, અનુસ્નાતકની ડિગ્રી-ડિપ્લોમા જેવી પદવીઓ તથા અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ જેવી ઉપાધિઓ અને ચંદ્રકો મેળવનાર સર્વે વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓને હું હૃદયપૂર્વક અભિનંદન તથા ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. વિશેષમાં, આપને પ્રાપ્ત થયેલ જ્ઞાન અને કૌશલ્યનો સદુપયોગ કરી શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રના વિવિધ વિષયો ઉપર કાર્યરત રહીને આપ સર્વે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરો તેવી અપેક્ષા રાખું છું.

ભાઈઓ અને બહેનો, રમત-ગમતનું જીવનમાં અનોખું મહત્વ છે, દરેક વ્યક્તિના જીવનમાં એ ખૂબ જરૂરી છે. હમણાં થોડા સમય પહેલાં એક સમાચાર હતા કે વિવિધ બાળકોના અભ્યાસમાં એવું તારણ નીકળ્યું કે જે બાળકો ખુલ્લા મેદાનમાં રમે છે તેમનો બુદ્ધિ આંક જે બાળકો મેદાનમાં રમવા નથી જતાં તેવા બાળકોની સરખામણીમાં પાંચ પોઈન્ટ વધુ હતો. બાલ્યકાળમાં જે યુવાનોને ખુલ્લા મેદાનમાં દોડ-ધામ કરવાની અને ધીંગામસ્તી કરવાની તક મળે છે તે યુવાનો ખૂબ નસીબદાર બાળકો કહી શકાય. નિયમો સમજવા, એનું પાલન કરવું અને સામૂહિક રીતે તે પ્રમાણે રમવું જેવી પ્રક્રિયાઓ તેમને સમૂહમાં રહેતાં અનેકમાં કામ કરતાં શીખવે છે, જે આગળ જતાં તેમનો આત્મવિશ્વાસ વધારવામાં પણ ખૂબ મદદરૂપ થાય છે. આપણી લુપ્ત થયેલી પરંપરાગત રમતો પણ બાળકોમાં ત્વરિત નિર્ણયશક્તિ, સ્મરણશક્તિ, સમયનું મહત્વ તેમ જ એકાગ્રતા જેવા ગુણોનું સિંચન કરે છે. આ યુનિવર્સિટી પરંપરાગત રમતોના વિકાસમાં પણ યોગદાન આપે છે. તે ઘણી ગર્વની વાત છે. તેઓની આંખની દ્રષ્ટિ પણ સરસ હોય છે. મેદાનોમાં રમાતી રમતોમાં ક્યારેક હરાય તો ક્યારેક જિતાય જેવી પરિસ્થિતિ આપણને **આત્મવિશ્વાસ**, **સંઘભાવના**, જીવન પ્રત્યે હંમેશા હકારાત્મક રહી પડકારોનો સામનો કરવાની સજ્જતા, **જવાબદારીની ભાવના**, પ્રતિસ્પર્ધી સાથે **પારસ્પરિક સન્માનની ભાવના**, **શિસ્ત**, **ખેલદિલીની ભાવના**, આગળ વધવાની જિજ્ઞાસા, નિખાલસતા તથા દેશપ્રેમ જેવા ગુણોનો વિકાસ કરી માનવીને ઉમદા બનાવે છે. માટે મિત્રો, યાદ રાખજો કે "પહેલું સુખ તે જાતે નર્યા".

આપણા લોકલાડીલા મા. વડાપ્રધાન અને આ યુનિવર્સિટીના સ્વપ્નદ્રષ્ટા મા. શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનું માનવું છે કે, "જો રમતગમતનું મહત્વ આપણા જીવનમાં નહીં હોય તો, આપણે ખેલદિલીની ભાવનાને "સંસ્કાર" તરીકે આપણા સમાજમાં ઉછેરી નહીં શકીએ, અને આવા "સંસ્કાર" વગરનો સમાજ પ્રગતિ કરી શકતો નથી".

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. એવું કહેવાય છે કે, આ સદી ભારતની સદી છે. મિત્રો, આ હકીકત પણ છે અને પડકાર પણ છે. હકીકત એટલા માટે છે  કે જ્યારે જ્યારે વિશ્વ ઈતિહાસમાં જ્ઞાનના મુદ્દા વિષે ચર્ચા કરવામાં આવી છે ત્યારે ભારતે તેમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.  આજે પણ, આપણે ગ્રંથો અને હસ્તપ્રતોના રૂપમાં અનેક ક્ષેત્રોમાં જ્ઞાનનો સમૃદ્ધ ભંડાર ધરાવીએ છે. આ ઉપરાંત, સમગ્ર વિશ્વભરના વિદ્વાનોએ દેશભરમાં ફેલાયેલી વિવિધ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં જ્ઞાન મેળવવા માટે ભારતની મુલાકાત ભૂતકાળમાં લીધેલ હતી અને અત્યારે લઈ રહ્યા છે. પરંતુ સાંપ્રત સમયની આ જ્ઞાન-સદીમાં આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ભૂમિકા ખૂબ મહત્વની છે, વિદ્યાર્થીઓ રમતગમતના ક્ષેત્રમાં જોમ-જુસ્સા સાથે અણથક પ્રયત્નો દ્વારા જીવનપંથ પર આગળ વધી પોતાના શિક્ષણરૂપી સંસ્કારોના યોગ્ય ઉપયોગ દ્વારા વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે સંકલ્પપૂર્વક ક્રિયાશીલ રહી માનવીમાંથી મહામાનવ બને તેવી આજના પ્રસંગે અપેક્ષા છે.

મિત્રો, ૨૧મી સદીની શિક્ષણ ક્ષેત્રના પડકારોને ધ્યાને રાખી ગુજરાતની પ્રગતિશીલ સરકારે ખાસ શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાનના ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને તાલીમ માટે આ વિશ્વ વિદ્યાલયના વિકાસ માટે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી ૧૩૨ એકર જેટલી જમીનની ફાળવણી વડોદરા જિલ્લામાં કરેલ છે, જ્યાં આજે વહીવટી ભવનનું બાંધકામ ચાલુ છે. આ ઉપરાંત વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માતબર રકમની ફાળવણી કરેલ છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં આ યુનિવર્સિટીને શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત નવીન સંશોધનો અને આંતરરાષ્ટ્રીય ધોરણોયુક્ત શિક્ષણ તથા તાલીમી સંસ્થા બનાવવાની નેમ છે. આ ક્ષેત્રમાં એક મહત્વનુ કેન્દ્રબિંદુ બને તે માટે આ સરકારે મહત્વપૂર્ણ પગલાં અને નિર્ણયો લઈ પોતાની પ્રતિબદ્ધતા દર્શાવેલ છે. આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું જે સપનું છે,  ‘સૌનો સાથ સૌનો વિકાસ’ તે પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર તરફથી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને તમામ જરૂરી આર્થિક મદદ આપવા માટે અમે બંધાયેલા છીએ. યુનિવર્સિટી

અસ્તિત્વમાં આવી ત્યારથી અત્યાર સુધીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતી રહીને ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. આ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી તથા તમામ અધિકારી-કર્મચારીગણને તેમની પ્રશંસનીય કામગીરી બદલ અભિનંદન પાઠવું છું. હું આપને ખાતરી આપું છું કે જ્યારે કોઈ પણ સહાયની જરૂર રહેશે ત્યારે આપ નિ:સંકોચ અમને કહેશો તો રાજ્ય સરકાર તેને પૂરી કરવા સઘન પ્રયાસ કરશે.

અંતમાં, આ સમારંભમાં પદવી તેમ જ ચંદ્રકો મેળવનાર તમામ ડિપ્લોમા-ડિગ્રી ધારકો, સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને તેમના વ્યાવસાયિક ક્ષેત્રમાં ઝંપલાવવાની અનેરી તક ઉપલબ્ધ થઈ છે ત્યારે સર્વે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. જ્યારે અમૂલ્ય તકો આપની રાહ જોઈ રહી છે ત્યારે આપ સૌ આપના જ્ઞાનનો અને આપની શક્તિઓનો સુભગ સમન્વય કરી સ્વાવલંબી વ્યાવસાયિક તરીકે સફળ થાઓ અને આપ સહુની ઊજળી કારકિર્દી બને તેવી મારી હાર્દિક શુભેચ્છા છે. આપ સૌ ભવિષ્યમાં શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે જે પડકારો ઊભા થાય, તેનો આપનાં જ્ઞાન અને કુનેહથી લોકહિતમાં ઉકેલ લાવશો અને રાજ્ય અને દેશના ખેલવિકાસમાં ભાગીદાર બનશો તેવી આશા રાખું છું. આ સાથે સર્વેને ઉજ્જવળ કારકિર્દી અને ભવિષ્યની શુભકામનાઓ પાઠવી વિરમું છું.

જય જય ગરવી ગુજરાત...

ભારત માતા કી જય ...

-----------------------------